જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૮/૦૯/૨૦૧૮ શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૯૨/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૬ કેસ કરી, ૫૮ વ્યક્તિઓને ઝડપી, ૧૫૦ લીટર દેશી દારૂ, ૪૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૭૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ સ્કૂટર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૯,૯૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૯૩/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૮૯૪/૧૮

**સાબરમતી** : કરણસિંહ પ્રતાપસિંહ રાજ (ઉ.વ.૫૨)(રહે,ક્રિષ્ણા બંગ્લોઝ વિભાગ ૧ ઘરવખરી શો રૂમની સામે વિસત ગાંધીનગર હાઇવે મોટેરા ચાંદખેડા) એ તા.૨૭/૯/૧૮ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને ૨૦૧૨ થી માહે ૧૧/૨૦૧૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧)સ્વ. દિપકકુમાર કેશવલાલ પટેલ (ઓ.એન.જી.સી.(અમદાવાદ) કર્મચારી કો.ઓ.ક્રેડીટ સોસાયટી લીમીટેડના વાઇસ ચેરમેન) (રહે,દેવતીર્થ બંગ્લોઝ ન્યુ સી.જી.રોડ ચાંદખેડા) અને (૨) રણધીરસિંહ ભગવાનદાસ જાદવ (ઓ.એન.જી.સી(અમદાવાદ) કર્મચારી કો.ઓ.ક્રેડીટ સોસાયટી લિમીટેડના પગારદાર કલાર્ક) (રહે,નીલદીપ રેસીડેન્સી સેજપુર) તથા મંડળીના હોદ્દેદારો કમીટી મેમ્બર ભેગામળી એકબીજાના મેળાપીપળામાં કોન ધીરાણના ખોટા તેમજ બનાવટી દસ્તાવેજ તેમજ ડમી સભ્યોના નામે ધીરાણ લઇ, ધીરાણના નાણાની રીકવરીના નાણા પરત નહી કરી, સહકારી મંડળીના સભાસદોના નાણા પોતાના અંગત ઉપયોગમા વાપરી, ઓડીટ પ્રમાણે કુલ રૂપિયા ૬,૪૧,૮૦,૦૯૩/- નો તફાવત બતાવી સહકારી મંડળી ને નુકશાન કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.વી.રાણા ચલાવે છે.

**ક્રાઇમબ્રાંચ** : ભૈરુલાલ દશરથભાઇ કુંમાવત (ઉ.વ.૨૫)(રહે,સ્વામી નિવાસ ભરવાડ કોલોની સરખેજ ગામ) એ તા.૨૭/૯/૧૮ નારોજ ક્રાઇમબ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૧/૧૮ ના ૧૧/30 થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) વિઝન ઇન્ડીયા ન્યુ દિલ્હી ખાતે થી મો.નં 7065827309, 7210167045, 8750782447, 7291068604, 9716273451 ઉપરથી ફોન કરનાર "પ્રિતીસિંગ", "અંકીતા જૈન" અને "મનોજ" નામ આપનાર તેમજ બેંક એકાઉન્ટ ધારકે ભેગામળી ગુનાહીત કાવતરૂ રચી ભૈરુલાલના ઘરે તેમને બે લાખની લોન આપવાનાં બહાને અલગ-અલગ પ્રોસેસીંગ ફી પેટે કુલ રૂપિયા ૩૪,૧૯૦/- ભરાવડાવી, ભૈરૂલાલને લોન નહી આપી તેમજ ભરેલ નાણાં આજદિન સુધી પરત નહિ આપી, ભૈરૂલાલ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.એસ.ગેડમ ચલાવે છે.

<u>ઘરફોડ:-</u> <u>સમાચાર યાદી નં.૧૮૯૫/૧૮</u>

**સેટેલાઇટ** : બારીનભાઇ હેમેંદ્રભાઇ દીક્ષીત (રહે, માણેકબાગ સોસાયટી, માણેકબાગ હોલની પાસે, સેટેલાઇટ) એ તા.૨૭/૯/૧૮ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૯/૨૦૧૮ ના કલાક ૦૦/૦૦ થી ૫/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ઘરમાંથી લેનોવા કંપનીનુ લેપટોપ તથા એપલ કંપનીનુ આઇપેડ મળી કુલ ૨૫૦૦/- યુ.એસ.ડોલર તેમજ ચેકબુક, એ.ટી.એમ.કાર્ડ અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- ની ચોરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.બાથમ ચલાવે છે.

**અમરાઇવાડી** : હર્ષદભાઇ જયંતીભાઇ ચૌહાણ (રહે,શીવાનંદનગર સત્યમ શાકમાર્કેટ પાસે અમરાઇવાડી) એ તા.૨૭/૯/૧૮ નારોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને ૨૦૧૨ થી માહે ૧૧/૨૦૧૬ સુધીના સમયગાળા દરમ્યાન તા.૨૨/૦૯/૧૮ ના કલાક ૦૦/૦૦ થી તા.૨૭/૦૯/૧૮ ના કલાક ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન હર્ષદભાઇના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, ઘરમા રાખેલ લોખંડની પેટીમાંથી (૧) સોનાનો દોરો કિંમત રૂપિયા ૧૮,૦૦૦/- (૨) સોનાના બુટીયા કિંમત રૂપિયા ૯,૦૦૦/- (૩) સોનાની ચુની કિંમત રૂપિયા ૫૦૦/- (૪) ચાંદીના સીક્કા નંગ-૮ કિંમત રૂપિયા ૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૦,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.તેજોત ચલાવે છે.

**ઇસનપુર** : ડો.શૈલેન્દ્રભાઇ નવીનચંદ્ર વોરા (ઉ.વ.૬૬)(રહે,આનંદ સોસાયટી, વિ-૦૨ જયમાલા બસ સ્ટોપ ઘોડાસર ઇસનપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૯/૧૮ રાતના ૧૧/૦૦ થી તા.૨૭/૦૯/૧૮ ના કલાક ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના મુખ્ય દરવાજાની પાસે આવેલ બારીની ગ્રીલના સળીયા તોડી, અજાણી વ્યક્તિ મકાનમા પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- તથા રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- તથા બીજી ચીજવસ્તુઓ કિંમત રૂપિયા ૧૬,૦૦૦/- મળી રૂપીયા ૧,૬૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જી.જલવાણી ચલાવે છે.

**દાણીલીમડા** : મહંમદશરીફ સાદીકઅલી અંસારી (રહે,નબીનગર રો હાઉસ અમન સ્કુલની સામે બેરલ માર્કેટ દાણીલીમડા) એ તા.૨૭/૯/૧૮ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૯/૧૮ બપોરના ૧/૦૦ થી સાંજના ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની લોખંડની ગ્રીલ તોડી અજાણી વ્યક્તિ ઘરમા પ્રવેશ કરી, તિજોરીમાંથી (૧) સોનાનો હાર કિંમત રૂપીયા ૪૨,૦૦૦/- (૨) સોનાની બુટ્ટી કિંમત રૂપીયા ૧૦,૦૦૦/- (૩) એક જોડ સોનાના ઝુમકા કિંમત રૂપીયા ૨૦,૦૦૦/- (૪) સોનાની પેંડલવાળી ચેઇન કિંમત રૂપીયા ૨૭,૦૦૦/- તથા (૫) રોકડ રૂપીયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપીયા ૧,૧૯,૦૦૦/-મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.જે.આર.પટેલ ચલાવે છે.

**ચોથા માળેથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૮૯૬/૧૮**

**શાહપુરઃ** રામબહાદુર સ/ઓ વિક્રમભાઇ સરોજ (ઉ.વ.૨૫) (રહે.પ્રભાત ચોક થલતેજ) કુંભારવાડ શાહપુર ખાતે ચોથા માળે સેન્ટીંગનુ કામ કરતા હતા ત્યારે ચક્કર આવતા પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે વી.એસ.હોસ્પિટલમા દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૨૬/૯/૧૮ રાતના ૯/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જે.સોલંકી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૯૭/૧૮**

**રામોલઃ** રામચંદ્ર ઓમપ્રકાશ ઉપાધ્યાય (ઉ.વ.૩૦) (રહે.કુંદનનગર સામે લક્ષ્મીનગરની ચાલીમા ન્યુ આર.ટી.ઓ રોડ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૭/૯/૧૮ કલાક ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભિખુભાઇ ભલાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.